For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### જમીન દફતર વિભાગના સર્વેયર અને સીનિયર સર્વેયરના ગ્રેડ પે વધારવાની મુખ્ય માગ

# ક્લાસ-3 કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર

**ગ્રેડ પે અને પગાર વિસંગતતા મુદ્દે વર્ષ ૨૦૧૭ થી ચાલી રહી છે લડત**

**રોજબરોજ આવતા અંદાજે ૨,૦૦૦ અરજદારોના કામ અટવાયા**



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧ જમીન દફતર વિભાગના વર્ગ-૩ ના કર્મચારીઓ પોતાની લાંબા સમયથી પડતર એવી ન્યાયિક માંગણીઓને લઈને આજથી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી ગયા છે. ગ્રેડ પે અને પગાર વિસંગતતાના પ્રશ્ને સરકાર દ્વારા કોઈ જ હકારાત્મક નિર્ણય ન લેવાતા આખરે કર્મચારીઓએ આ આકરું પગલું ભરવાની ફરજ પડી છે. મયુરભાઈ રાઠોડના જણાવ્યા અનુસાર, કર્મચારીઓ વર્ષ ૨૦૧૭ થી પોતાની વિવિધ માંગણીઓ માટે સતત લડત આપી રહ્યા છે. હાલની સ્થિતિએ કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં, હાલ સર્વેયરનો ગ્રેડ પે ૨૪૦૦ છે, જેને વધારીને ૨૮૦૦ કરવાની માંગ છે. નાયબ મામલતદારની સમકક્ષ કામ કરતા સીનિયર સર્વેયરને વર્તમાન ૨૮૦૦ ના ગ્રેડ પે ના બદલે ૪૪૦૦ નો ગ્રેડ પે આપવાની માંગ કરવામાં આવી રહી છે. અગાઉ નાયબ મામલતદાર સાથે ગ્રેડ પે સરખો હતો, પરંતુ સમય જતાં પગારમાં મોટી વિસંગતતા ઉદ્ભવી છે, જે સ્વીકાર્ય નથી. આ અચોક્કસ મુદતની હડતાલના કારણે વડોદરા જમીન દફતર કચેરી ખાતે રોજબરોજ વિવિધ કામગીરી અર્થે દૂર-દૂરથી આવતા આશરે ૨,૦૦૦ જેટલા અરજદારોના કામો અટવાઈ ગયા છે.

જમીન માપણી, દફતર સુધારણા અને અન્ય સરકારી કામો અટકી જવાના કારણે સામાન્ય નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. કર્મચારી યુનિયન દ્વારા સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે, જ્યાં સુધી સરકાર દ્વારા આ બાબતે કોઈ સંતોષકારક અને યોગ્ય ઉકેલ લાવવામાં નહીં આવે, ત્યાં સુધી આ હડતાલ યથાવત રહેશે.

### ખિસકોલી સર્કલ પાસે ત્રણ વીજ થાંભલા નમ્યા

# શહેરમાં વરસાદનું કડાકા-ભડાકા સાથે આગમન, અનેક સ્થળે પાણી ભરાયા



( પ્રતિનિધિ ) વડોદરા, તા.21 વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક દિવસના વિરામ બાદ ફરી એકવાર વરસાદી માહોલ જામ્યો છે. સાંજે એકાએક વાતાવરણમાં પલટો આવતા વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદનું આગમન થયું હતું. અનેક વિસ્તારોમાં ભારે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. ભારે પવન અને વરસાદને કારણે ખિસકોલી સર્કલ નજીક શ્રી શિવાજીપુરી સર્વોદય નગર વુડાના મકાનો પાસે ત્રણ વીજ થાંભલા નમી પડયા હતા. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. જ્યારે શહેરના માંજલપુર સહિતના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. કેટલાય વાહનો પાણીમાં ખોટકાતા ચાલકોને ધક્કા મારવા મજબૂર બનવું પડ્યું હતું. જિલ્લા કંટ્રોલ રૂમના આંકડા મુજબ આજે બપોરે 4 થી 6 વાગ્યા દરમિયાન સાવલી અને ડેસરમાં 2-2 મીમી વરસાદ નોંધાયો છે. જ્યારે જિલ્લાની સરેરાશ 0.5 મીમી રહી છે. અત્યાર સુધીમાં સિઝનનો સૌથી વધુ વરસાદ સિનોરમાં 899 મીમી નોંધાયો છે. બીજી તરફ હવામાન વિભાગે રાજ્યમાં આગામી 6 દિવસ વરસાદી માહોલ રહેવાની આગાહી કરી છે. બંગાળની ખાડીમાં લો પ્રેશર સક્રિય થવાની શક્યતાને પગલે રાજ્યના અનેક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ પડશે, કેટલાક સ્થળે ભારે વરસાદની પણ શક્યતા છે. સોમવારે શહેરનું મહત્તમ તાપમાન 35.4 ડિગ્રી નોંધાયું હતું. આજે ગાજવીજ સાથે 30-40 કિમીની ઝડપે પવન ફૂંકાવાની ચેતવણી અપાઈ છે, જ્યારે આજે પણ ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે.

### વડોદરા ખાતે રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુનું ઉષ્માભર્યું સ્વાગત



■ ભારતીય સિનેમાના પ્રતિષ્ઠિત ૭૨મો નેશનલ ફિલ્મ એવોર્ડ સમારોહનું ભવ્ય આયોજન આગામી ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ એકતાનગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કરવામાં આવશે. ગુજરાતમાં ત્રણ દિવસના પ્રવાસે આવેલા રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુનું વડોદરા એરપોર્ટ પર આગમન થતા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓ અહીંથી કેવડિયા જવા માટે રવાના થયા હતા.વડોદરા એરપોર્ટ ખાતે રાજપાલ આચાર્ય દેવવ્રતજી, રાજ્યમંત્રી પ્રફુલ ભાઈ પાનસેરીયા, મેયર ગીતાબેન મકવાણા, પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર, મેજર જનરલ મોહિત ગાંધી દ્વારા રાષ્ટ્રપતિનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

### પશ્ચિમ રેલવેનો મોટો નિર્ણય

# ૯ જોડી સ્પેશિયલ ટ્રેનોના ૧૭૪ વધારાના ફેરા લંબાવાયા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21 આગામી દિવાળી-છઠ સહિતના તહેવારો દરમિયાન મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખી પશ્ચિમ રેલવેએ 9 જોડી સ્પેશિયલ ટ્રેનોની અવધિ લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ અંતર્ગત કુલ 174 વધારાના ફેરા દોડાવવામાં આવશે. મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જણાવ્યા મુજબ મુંબઈ સેન્ટ્રલ-ભિવાની ટ્રેન નં. 09001, 9 ઓક્ટોબરથી 27 નવેમ્બર સુધી દર મંગળવાર-શુક્રવારે. રિટર્ન 09002, 10 ઓક્ટો.થી 28 નવેમ્બર દર બુધ-શનિ. મુંબઈ સેન્ટ્રલ-મઉ 09183, 7 ઓક્ટો. થી 25 નવેમ્બર દર બુધવારે, રિટર્ન 09184 દર શુક્રવારે. બાંદ્રા-ભિવાની 09005, 14 ઓક્ટો.થી 25 નવેમ્બર દર બુધવારે, રિટર્ન 09006 દર ગુરુવારે. બાંદ્રા-ભુજની ત્રણ જોડી 09037/38 દર ગુરુ-શનિ અને શુક્ર-રવિ (1 ઓક્ટો. થી 29 નવેમ્બર), 09009/10 દર રવિ-સોમ (4 ઓક્ટો.થી 30 નવેમ્બર), 09011/12 દર મંગળ-બુધ (6 ઓક્ટો. થી 25 નવેમ્બર). બાંદ્રા-વેરાવળ 09017/18, દર રવિ-સોમ, 4 ઓક્ટો. થી 30 નવેમ્બર સુધી. ઉધના-અયોધ્યા કેન્ટની બે જોડી 09093/94 દર શુક્ર-શનિ (16 ઓક્ટો.થી 14 નવેમ્બર) અને 09097/98 દર મંગળ-બુધ (6 ઓક્ટો.થી 25 નવેમ્બર). લખનઉમાં RLDAના કામને કારણે ઉધના-અયોધ્યા ટ્રેનો માનકનગર-ઐશબાગ-મલ્હૌર રૂટે દોડશે, લખનઉને બદલે ઐશબાગ જં. રોકાશે. જ્યારે મુંબઈ-મઉ સ્પેશિયલ કાનપુર-સુબેદારગંજ-પ્રયાગરાજ રામબાગ-વારાણસી-ઔડિહાર રૂટે દોડશે અને લખનઉ, રાયબરેલી, અમેઠી, પ્રતાપગઢ, જંઘઈ, ભદોહી સ્ટેશને નહીં રોકાય. આ તમામ વિસ્તૃત ફેરાઓનું બુકિંગ 23 સપ્ટેમ્બરથી PRS અને IRCTC પર શરૂ થશે.

### સ્વનિર્ભર શાળા સંચાલકોનો કાળી પટ્ટી બાંધી વિરોધ

# ૧૭ હજાર શાળાના પડતર પ્રશ્નો ઉકેલવા કલેક્ટર-DEOને રજૂઆત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21 ગુજરાતની 17 હજારથી વધુ સ્વનિર્ભર શાળાઓના પડતર પ્રશ્નોને લઈને વડોદરામાં ખાનગી શાળા સંચાલકોએ હાથે કાળી પટ્ટી બાંધી વિરોધ વ્યક્ત કર્યો હતો. સ્વનિર્ભર શાળા સંચાલક મહા મંડળ - ગુજરાત દ્વારા કલેક્ટર તેમજ જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરી તાત્કાલિક નિરાકરણની માંગ કરવામાં આવી હતી. રાજ્યમાં 17,000થી વધુ સ્વનિર્ભર શાળાઓ કાર્યરત છે, જેમાં 50 લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને 7 લાખથી વધુ શિક્ષકો-કર્મચારીઓ સેવા આપે છે. રાજ્યના શિક્ષણ ક્ષેત્રે સ્વનિર્ભર શાળાઓનો ફાળો 60%થી વધુ હોવા છતાં તેમના પ્રશ્નોનું કાયમી નિરાકરણ આવતું નથી. મંડળની 4 મુખ્ય માંગણીઓમાં જે શાળાઓ 10% કે તેથી ઓછો ફી વધારો કરે તેમને પ્રપોઝલ અને એફિડેવિટમાંથી મુક્તિ આપી સીધી મંજૂરી આપવી.

હાઈકોર્ટના માર્ગદર્શન મુજબ સરકારે એફઆરસી મંજૂર ફી અથવા સરકારી શાળાના વિદ્યાર્થીદીઠ ખર્ચમાંથી જે યોગ્ય હોય તે ચૂકવવા છતાં 2017થી અમલવારી થઈ નથી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક



શિક્ષણ સુધારા વિધેયક-2026માં કર્મચારીઓની નિમણૂક-છૂટા કરવા માટે મંજૂરીની જોગવાઈ અયોગ્ય છે, કારણ કે સ્વનિર્ભર શાળાઓ સરકાર પાસેથી કોઈ ગ્રાન્ટ લેતી નથી.

સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને લાગુ પડતા પરિપત્રો સ્વનિર્ભર શાળાઓને પણ લાગુ પડે છે અને એક જ માહિતી વારંવાર માંગવામાં આવે છે. આ માટે અલગ કોમન પોર્ટલ બનાવવા માંગ કરાઈ. મહામંડળે ચીમકી ઉચ્ચારી છે કે જો સત્વરે નિરાકરણ નહીં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન અને શૈક્ષણિક કાર્યમાં રૂકાવટ કરવાની ફરજ પડશે.

### ઓરડી ગામના રેવાબેન બારીયાને સમયસર સારવાર મળતા હાશકારો

# ડભોઈ રેફરલ હોસ્પિટલના ડાયાલિસિસ સેન્ટરમાં ફોલ્ટ : દર્દીઓને હાલાકી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧ ડભોઈ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સંચાલિત ડાયાલિસિસ સેન્ટરમાં અચાનક ટેકનિકલ ફોલ્ટ સર્જાવાને કારણે કિડનીના દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જોકે, જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન ભાવેશ પટેલની તાત્કાલિક દરમિયાનગીરી અને સક્રિયતાના કારણે દર્દીને સમયસર વૈકલ્પિક સારવાર મળી રહેતા મોટો પ્રશ્ન ટળી ગયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, ડભોઈ તાલુકાના ઓરડી ગામના રહેવાસી અને કિડનીની બિમારીથી પીડિત દર્દી બારીયા રેવાબેન નિયમિત ડાયાલિસિસ માટે ડભોઈ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આવ્યા હતા. પરંતુ હોસ્પિટલ પહોંચ્યા બાદ ખબર પડી કે ડાયાલિસિસ મશીનમાં કોઈ ટેકનિકલ ખામી સર્જાવાને કારણે તે ચાલુ થઈ શકે તેમ નથી. અચાનક બનેલી આ ઘટનાથી દર્દી અને તેમના સ્વજનો ચિંતામાં મૂકાયા હતા. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઓરડી ગામના સરપંચે ત્વરિત ધોરણે જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન ભાવેશ પટેલનો સંપર્ક સાધ્યો હતો અને સમગ્ર મામલે જાણ કરી હતી. મામલાની ગંભીરતા સમજીને ચેરમેન ભાવેશ પટેલ તુરંત જ ડભોઈ રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા અને રૂબરૂ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. દર્દીને સમયસર ડાયાલિસિસ મળવું અનિવાર્ય હોવાથી, ચેરમેન ભાવેશ પટેલે તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલના આર.એમ.ઓ. સાથે ટેલિફોનિક ચર્ચા કરી હતી. તેમણે રેવાબેન માટે તાત્કાલિક ધોરણે વડોદરા ખાતે ડાયાલિસિસની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવા વિશે ચર્ચા કરી જરૂરી સૂચનાઓ આપી હતી.

### લોન પેટે રૂ.૧૨.૭૮ લાખ તથા વાલ્વના વ્યવહારમાં બાકી રૂ.૨૪.૩૮ લાખ બાકી

# મહારાષ્ટ્રના કર્મચારીએ વેપારીનું રૂા.37.16 લાખનું ફુલેકુ ફેરવ્યુ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21 વડોદરાના વાસણા રોડ વિસ્તારમાં રહેતા 30 વર્ષીય મનનભાઈ દાવડા સુકાન એન્જિનિયરિંગ પ્રા.લિ. કંપનીમાં ડાયરેક્ટર તરીકે વ્યવસાય કરે છે તેમણે નોધાવેલી ફરિયાદ મુજબ તા.24 નવેમ્બર 2025ના રોજ મુંબઈના પ્રશાંત જનાર્દન જામનીએ મનનભાઈનો સંપર્ક કરી પોતાની એપકો કંપની ફડચામાં ગઈ હોવાનું જણાવી કંપનીમાં નોકરી અથવા કંપની ખરીદવાની ઓફર કરી હતી. બાદમાં પ્રશાંતને કંપનીમાં કર્મચારી તરીકે નોકરીએ રાખવામાં આવ્યો હતો અને તેને માસિક રૂ.50 હજાર પગાર આપવાનું નક્કી થયું હતું. શરૂઆતમાં પ્રશાંતે કંપનીને સારા ઓર્ડર અપાવી નફો કરાવવામાં મદદ કરતા ડાયરેક્ટરનો તેના પર વિશ્વાસ વધ્યો હતો. આ વિશ્વાસનો લાભ લઈ તેણે અંગત લોનના નામે નાણાંની માંગણી શરૂ કરી હતી. તેના કહેવાથી સુકાન એન્જિનિયરિંગના HDFC બેંક ખાતા તથા ડાયરેક્ટરના ICICI બેંક ખાતામાંથી પ્રશાંતના બેંક ઓફ બરોડાના ખાતામાં ટુકડે-ટુકડે રૂ.12.78 લાખ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ પ્રશાંતે મુંબઈની રોટોર્ક વાલ્વ ઓટોમેશન કંપનીના માલિક પ્રવિણકુમાર સાથે ઓળખાણ કરાવી હતી. વાલ્વની ખરીદીમાં સારો નફો મળશે તેમ જણાવી તેમની કંપની પાસેથી વાલ્વ ખરીદવાની સલાહ આપી હતી. ઓર્ડરની 50 ટકા રકમ એડવાન્સ અને બાકીની રકમ માલ મળ્યા બાદ ચૂકવવાની શરતે વ્યવહાર શરૂ થયો હતો. અલગ-અલગ ઓર્ડર પેટે રોટોર્ક કંપનીના બેંક ઓફ બરોડા તથા યશ બેંકના ખાતામાં રૂ.35.80 લાખ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. જોકે તેની સામે માત્ર રૂ.11.42 લાખનો માલ જ મોકલવામાં આવ્યો હતો. બાકી રહેલી રૂ.24.38 લાખની રકમનો માલ આજદિન સુધી મોકલાયો નથી કે રકમ પરત પણ કરવામાં આવી નથી. દરમિયાન પ્રશાંત કોઈ જાણ કર્યા વગર કંપનીમાંથી જતો રહ્યો હતો. બંને આરોપીઓને વારંવાર ફોન કરવા છતાં ફોન નહીં ઉપાડતા તેમજ ઈ-મેઈલનો પણ જવાબ આપતા ન હતા. આમ પ્રશાંત પાસેથી લોન પેટે રૂ.12.78 લાખ તથા વાલ્વના વ્યવહારમાં બાકી રૂ.24 38 લાખ મળી રૂ.37.16 લાખની છેતરપિંડી આચરી હતી.

### રાષ્ટ્રપતિના કોન્વોય માટે હરણી વિસ્તારમાં ટ્રાફિક રોકી દેવાતા વાહનચાલકો અટવાયા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21 વડોદરા શહેરમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની ઉડતી મુલાકાત દરમિયાન હરણી વિસ્તારમાં તેમના કોન્વોયના પસાર થવાના સમયે સુરક્ષાના પગલે વાહનવ્યવહાર રોકી દેવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિનો કોન્વોય પસાર ન થાય ત્યાં સુધી તમામ વાહનો અટકાવી દેવામાં આવતા રસ્તા પર ટ્રાફિકજામના દશ્યો સર્જાયા હતા. લાંબા સમય સુધી વાહનોમાં રાહ જોવી પડતાં શહેરીજનોમાં રોષ જોવા મળ્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વડોદરા શહેરની ઉડતી મુલાકાતે આવ્યા હતા. દરમિયાન હરણી વિસ્તારમાંથી રાષ્ટ્રપતિનો કોન્વોય પસાર થવાનો હોવાથી પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સુરક્ષાના ભાગરૂપે કોન્વોય પસાર થાય તે પહેલાં જ રસ્તા પરનો વાહનવ્યવહાર અટકાવી દેવામાં આવ્યો હતો.

### ચૂકવણી માટે આપેલા તમામ ચેક બાઉન્સ થયાં

# વાપીના વેપારીએ માલ મંગાવી રૂા.૧.૩૩ કરોડ નહીં ચૂકવ્યા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21 જેતલપુર વિસ્તારમાં આવેલી હિતુ કેમિકલ્સ એન્ડ અલ્કલાઈઝ લિમિટેડ કંપનીના માર્કેટિંગ હેડ સંજયભાઈ રણજીતસિંહ ગોહેલે નોધાવેલી ફરિયાદ મુજબ વાપી સ્થિત ઈકોલોજીકો કેમિકલ ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટર મોહિત સતપાલ સાહનેયે મે-2024મા કંપનીનો સંપર્ક કરી કોસ્ટિક સોડા, એસિટિક એસિડ સહિતના વિવિધ કેમિકલ ખરીદવા માટે આશરે 10 જેટલા પર્ચેઝ ઓર્ડર આપ્યા હતા. ઓર્ડર મળ્યા બાદ કંપની દ્વારા વાપી અને ગુરુગ્રામ ખાતે આરોપીને કેમિકલનો માલ પહોંચાડવામાં આવ્યો હતો. માલની કિંમત ચૂકવવા માટે આરોપીએ ચુકવણી માટે 1.33 કરોડના બેન્કના અલગ-અલગ તારીખના 17 ચેક આપ્યા હતા. કંપની દ્વારા ચેક બેંકમાં જમા કરાવવામાં આવતા તમામ ચેક ફંડ ઈન્સફીસીયન્ટ બેલેન્સ તેમજ પેમેન્ટ સ્ટોપેડ બાય ડ્રોવર જેવા કારણોસર બાઉન્સ થયા હતા. ચેક આપતી વખતે નિયત તારીખે ચેક જમા કરાવતા નાણાં મળી જશે તેવો વિશ્વાસ આરોપીએ આપ્યો હતો. જોકે, ચેક બાઉન્સ થયા બાદ કંપની દ્વારા વારંવાર પેમેન્ટની માંગણી કરવામાં આવી હોવા છતાં વિવિધ બહાના બતાવી નાણાં ચૂકવવામાં આવ્યા નહોતા. જેના કારણે આરોપી સામે મુંબઈની અદાલતમાં અગાઉ ચેક સંબંધિત બે કેસ પણ દાખલ થયા છે. ઠગે કંપની પાસેથી કેમિકલનો માલ મેળવી અન્ય લોકોને વેચી આર્થિક લાભ મેળવ્યો હતો, પરંતુ કંપનીના રૂ.1.33 કરોડ ચૂકવ્યા નહોતા. અંતે વારંવારના સંપર્ક છતાં પેમેન્ટ નહીં મળતાં કંપનીના માર્કેટિંગ હેડે કાયદેસરની કાર્યવાહી પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા હતા.

### મોટા ભાઈના મોઢા, ગળા, ખભા અને પડખામાં ગંભી ઇજાઓ પહોંચી

# માંડવીના વિસ્તારમાં નાના ભાઈ દ્વારા મોટાભાઈને ચાકુના ઘા ઝિક્યા

**કાનમાં સંભળાય છે** તેવી બાબતને લઈને નાના ભાઈ અલીઅસગર સાથે ઝઘડો થયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21 વડોદરાના માંડવી લાડવાડા વિસ્તારમાં બે ભાઈઓ વચ્ચે થયેલા ઝઘડાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. AI કાનમાં સંભળાય છે તેવી વાતને લઈને બોલાચાલી બાદ નાના ભાઈએ મોટા ભાઈ પર ચપ્પાથી હુમલો કર્યો હતો. હુમલામાં મોટા ભાઈને ગંભીર ઈજાઓ થતાં હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ ઘટનાની પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર વડોદરા શહેરના માંડવી લાડવાડા વિસ્તારમાં આવેલા શકિના વિલા એપાર્ટમેન્ટમાં રહેતા મુબ્બશીર નજફઅલી હજારીવાલા અને તેના નાના ભાઈ અલીઅસગર નજફઅલી હજારીવાલા વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયો હતો.

આ અંગેની જાણ તેમના મામા સિરાજ નજરઅલી વ્હોરાને ઉમરભાઈ મેમણે ફોન કરીને કરતાં તેઓ દુકાનમાં નોકરી કરતા સુલતાન સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. ત્યાં પ્રથમ માળે મુબ્બશીર ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યો હતો. તેના મોઢા, આંખો, ગળા, ડાબા ખભા તથા ડાબા પડખાના ભાગે ચપ્પાના ઘા મારવામાં આવ્યા હતા અને લોહી નીકળતું હતું. જેથી તેને તાત્કાલિક ઓટો રિક્ષામાં હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. મામાએ મુબ્બશીરને પૂછતાં તેણે જણાવ્યું હતું કે કાનમાં સંભળાય છે તેવી બાબતને લઈને નાના ભાઈ અલીઅસગર સાથે ઝઘડો થયો હતો, જેમાં અલીઅસગરે ચપ્પાથી હુમલો કર્યો હતો. બીજી તરફ ઝઘડા દરમિયાન અલીઅસગરને પણ જમણા હાથની હથેળીમાં સામાન્ય ઈજા થતાં સારવાર કરાવવામાં આવી હતી. આ મામલે સિરાજ નજરઅલી વ્હોરાએ અલીઅસગર નજફઅલી હજારીવાલા સામે મોટા ભાણેજની હત્યાની કોશિશ કર્યાની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### SBIએ ગ્રાહકો માટે જાહેર કરી એડવાઇઝરી


# ૨૬ થી ૩૦ સપ્ટેમ્બર સુધી ૫ દિવસ બેંકો રહેશે બંધ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧ જો તમારું સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા કે અન્ય કોઈ સરકારી બેંકમાં જરૂરી કામ પેન્ડિંગ છે, તો આ સમાચાર તમારા માટે ખૂબ જ મહત્વના છે. આગામી દિવસોમાં દેશમાં બેન્કિંગ કામકાજ પર મોટી અસર પડવાની છે. આગામી ૨૬ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી સતત ૫ દિવસ માટે દેશના ઘણા ભાગોમાં બેંકો બંધ રહી શકે છે. બેન્કિંગ સેવાઓ માટે આ અડચણને ધ્યાનમાં રાખતા દેશની સૌથી મોટી સરકારી બેંક SBIએ પોતાના કરોડો ગ્રાહકો માટે એક જરૂરી એડવાઈઝરી બહાર પાડી છે. બેંકે સ્પષ્ટ શબ્દોમાં ગ્રાહકોને અપીલ કરી છે કે તેઓ કોઈ પણ અસુવિધાથી બચવા માટે પોતાની મહત્વની નાણાકીય લેવડદેવડ સમયસર પૂર્ણ કરી લે. બેંકો બંધ રહેવાનું મુખ્ય કારણ યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ દ્વારા બોલાવવામાં આવેલી ત્રણ દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળ છે. UFBUએ પોતાની વિવિધ માંગણીઓને લઈને ૨૮ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી ત્રણ દિવસની દેશવ્યાપી હડતાળનો પ્રસ્તાવ મૂક્યો છે. મુશ્કેલી એ છે કે આ હડતાળના બે દિવસ પહેલા સપ્તાહિક રજાઓ આવે છે. ૨૬ સપ્ટેમ્બરે મહિનાનો ચોથો શનિવાર છે અને ૨૭ સપ્ટેમ્બરે રવિવાર હોવાને કારણે બેંકોમાં પહેલાથી જ રજા રહેશે. ત્યાર બાદ સોમવારથી ત્રણ દિવસની બેંક હડતાળ શરૂ થવાની છે, જે ૩૦ સપ્ટેમ્બર બુધવાર સુધી ચાલશે. આમ, શનિવારથી લઈને બુધવાર સુધી કુલ મળીને ૫ દિવસ સુધી બેંકોના શટર ડાઉન રહી શકે છે.

### વોર્ડ નંબર ૧૩ માં દંડાત્મક પગલાંથી વેપારીઓમાં ફફડાટ

# ખંડેરાવ માર્કેટમાં ગંદકી ફેલાવતા વેપારીઓ સામે પાલિકાની કાર્યવાહી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21 સંસ્કારી નગરી વડોદરાને સ્વચ્છ અને સુંદર બનાવવાની દિશામાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. શહેરમાં ગંદકી ફેલાવતા અને સ્વચ્છતાના નિયમોનું અનાદર કરતા વેપારીઓ સામે પાલિકાની ટીમે ઝુંબેશરૂપી દંડાત્મક કાર્યવાહી હાથ ધરી છે. જેના ભાગરૂપે શહેરના વોર્ડ નંબર ૧૩ માં આવેલા ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં ગંદકી ફેલાવતા વેપારીઓ સામે મનપાની ટીમે કડક કાર્યવાહી કરી છે. મહાનગરપાલિકાના સત્તાધિશો અને દબાણ/સ્વચ્છતા શાખા દ્વારા હાથ ધરવામાં આવેલા આકસ્મિક ચેકિંગ દરમિયાન ખંડેરાવ માર્કેટ ખાતે આવેલી 'રજવાડી ચા' અને



એસ.એસ.જી. ફ્રુટ માર્કેટ સ્થિત એક ફ્રુટની દુકાન મળી કુલ બે વેપારી મથકોને સીલ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત, ગંદકી ફેલાવતા અન્ય ત્રણ દુકાનદારોને સ્થળ પર જ નોટિસ ફટકારીને રૂ. ૭,૫૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. પાલિકાની આ આકરા પગલાંની કાર્યવાહીને પગલે આસપાસના અન્ય વેપારીઓમાં પણ ભારે ફફડાટ વ્યાપી ગયો છે. મહાનગરપાલિકાના અધિકારીના જણાવ્યા અનુસાર, વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા મામલે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવવામાં આવી છે. અગાઉ વેપારીઓને વારંવાર ગંદકી ન કરવા અંગે સૂચના અને ઈન્ટિમેશન આપવામાં આવ્યા હોવા છતાં, કેટલાક વેપારીઓ દ્વારા આ સૂચનાઓનું ઉલ્લંઘન સતત ચાલુ રાખવામાં આવ્યું હતું. ખુદ મ્યુનિસિપલ કમિશનરે પણ ટીમ સાથે ખંડેરાવ માર્કેટના મુખ્ય રસ્તાઓ અને બજારોમાં સફાઈ ઝુંબેશ ચલાવી જાગરૂકતા લાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સુધારો ન આવતા આખરે દુકાનો સીલ કરવાની ફરજ પડી હતી.